# પંચાયતમાં ત્રણ નવા નાયબ કાર્યપાલક ઈજનેર નિમાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગના રોડ પ્રોજેક્ટ્સ માટે ત્રણ નાયબ કાર્યપાલક ઈજનેરોની નિયુક્તી સરકાર દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર ડીવીઝન માંડવીથી એમ.એસ. પટેલને બદલી કરી મુકવામાં આવ્યા છે. તો પંચાયતી રોડ પ્રોજેક્ટ ડિવીઝનમાં વિસનગરથી બદલીને દિલીપ પટેલને મુકવામાં આવ્યા છે જ્યારે દહેગામમાંથી એમ.પી. પટેલના સ્થાને જગદીશ ડોડિયાને ઔડામાંથી બદલીને નિયુક્ત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં રોડ પ્રોજેક્ટ્સમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યાનો ચાર્જ કાર્યપાલક ઈજનેરનો સંભાળવાની ફરજ પડી તેવા અખબારી અહેવાલને પગલે સરકારે તાત્કાલિક અસરથી અધિક મદદનીશ ઈજનેર સંવર્ગના અધિકારીઓને બઢતી આપી આ નિમણુંકો કરી છે.



**જાખોરા ગામે હાર્દિકના સમર્થનમાં પ્રતિક ઉપવાસ બાદ કાર્યકરો દ્વારા માથે મુંડન અને મહિલાઓએ દ્વારા રામધૂન**

ખેડૂતોના દેવા નાબુદી અને અનામત માટે આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કરનાર પાસના કન્વીનર હાર્દિક પટેલ છેલ્લા સાત દિવસથી પોતાના નિવાસસ્થાને આમરણાંત ઉપવાસ કરી રહ્યા છે. ગુરૂવારથી પાણીનો પણ ત્યાગ કર્યો છે. ત્યારે ગાંધીનગર તાલુકાના સાંસદના દત્તક જાખોરામાં તાજેતરમાં ૧૦૦થી વધુ પાટીદારોએ ગામમાં હાર્દિકના સમર્થનમાં પ્રતિકાત્મક ઉપવાસ કર્યા હતાં. પાટીદાર અનામત આંદોલનમાં જાખોરાના ખેડૂતો, મહિલાઓ, યુવાન પાટીદારોનો ટેકો રહ્યો છે. હાર્દિકના સમર્થનમાં જ મહાદેવ મંદિરે જાહેરમાં સવારે ૧૧ થી સાંજે ૪ વાગ્યા સુધી પ્રતિક ઉપવાસ કરવામાં આવ્યા હતા. ત્યારે ફરીથી નાગપાંચમના પવિત્ર શ્રાવણ માસે ગામના પાટીદાર વડીલબંધુઓ, યુવાનો દ્વારા હાર્દિક પટેલના સમર્થનમાં માથે મુંડન કરાવી ટેકો આપ્યો હતો. હાર્દિક પટેલની ઈચ્છા શક્તિમાં વધારો થાય તે માટે પાટીદાર સમાજની મહિલાઓ દ્વારા અખંડ રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**મમ્મી ડેડી... તમારા આગ્રહથી રાંધણ છઠ માટે તમને કશુંક બનાવી દેત... પરંતુ સોરી... મારું નેટ સ્લો છે... એટલે હોટલમાંથી મંગાવી લેશો...**

# જન્માષ્ટમી બાદ આંગણવાડી કેન્દ્રોમાં અધિકારીઓની ટીમ અચાનક તપાસ કરશે : કોયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં જન્માષ્ટમી પર્વ પછી તુરત જ આંગણવાડી કેન્દ્રોમાં આકસ્મિક ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવશે અને તે મહિલા-બાળ વિકાસ વિભાગના અધિકારીઓ નહિ પણ જિલ્લાના અન્ય અધિકારીઓ દ્વારા થશે તેવો સંકેત જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ આપ્યો હતો.

૧લી સપ્ટેમ્બરથી જિલ્લામાં આરંભાઈ રહેલ પોષણ માસની ઉજવણી અંગેની વિગતો આપતાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે શનિવારે સવારે ૧૦.૩૦ વાગે પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને આ ઉજવણીનો આરંભ વિધિવત્ રીતે કરવામાં આવશે.

જિલ્લામાં આંગણવાડીમાં હાલ ૮૬ હજાર જેટલા બાળકો હોવાનું જણાવતાં તેમણે જણાવ્યુ હતુ કે આ પોષણ માસની ઉજવણી માટે એક્ટીવીટી કેલેન્ડર પણ તૈયાર કરવામાં આવ્યુ છે. આ માસની ઉજવણીમાં આરોગ્ય, શિક્ષણ સહિતના વિભાગોને સાંકળી આખીય ઝુંબેશ ચલાવવામાં આવશે.

કોયાએ જણાવ્યુ હતુ કે જિલ્લાની આંગણવાડીમાં હાલ ૪૦૯૩ કુપોષિત બાળકો છે. જેમાં ૬૮૮ બાળકો અતિકુપોષિત જણાયા છે. આ બધાજ બાળકોને પોષણક્ષમ બનાવવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ અભિયાન માટે ખાસ પોષણ દૂતની પણ નિયુક્તી કરવામાં આવનાર છે. આ કુપોષણ મુક્તિ અભિયાન જન આંદોલનમાં પરિવર્તિત કરવા માટે ખાસ પ્રતિતા વાંચન પણ કરાવવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે આ વર્ષે ૧૫ આંગણવાડી કેન્દ્રો મનરેગાના કન્વર્ઝેશન થકી બતાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

# શહેરમાં નવા આવસો બાંધવા માટે હજુ સ્થળ નક્કી થયુ નથી

**સેક્ટરોમાં ખાલી જગ્યા અન્વયે સર્વ હાથ ધરાયા બાદ પ્રેઝન્ટેશન કરાયા બાદ પણ આવાસોની સાઇટ નક્કી ન થતા નવા મકાનો બાંધવાનુ કામ અટવાયુ : આવાસ માટે કર્મચારીઓની મોટી પ્રતિક્ષા યાદી**

શહેરમાં નવા આવાસો બાંધવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરવામાં આવ્યા બાદ અગાઉ સેકટરોમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરાયો હતો. જયારે આ મામલે સર્વેના અંતે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન કરી દેવાયા બાદ પણ નવી ટાવર કોલોની બાંધવા માટે ૬ મહીનાના અંતે પણ સ્થળ પસંદગી થઈ શકી નથી.

ગાંધીનગરમાં સરકારી આવાસો દિનપ્રતિદિન ખંડેર અને કંગાળ બની રહ્યા છે. સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ અન્ય ભયજનક આવાસો પણ સામે આવતા હવે રહેણાંકની દ્રષ્ટીએ સેકટરોમાં યોગ્ય હોય તેવા આવાસોની સંખ્યા ઘટી ગઈ છે. અલબત્ત મોટાભાગના આવાસો રહેણાંક માટે યોગ્ય નથી. જયારે સેકટરોમાં નવા આવાસો બનાવાની કામગીરી અન્વયેની ગતિવિધિઓ પણ મંદ ગતિએ આગળ વધી રહી છે. સે-૭ માં નવી ટાવર કોલોની માં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. જયારે સે-૨૯ અને ૩૦ માં પણ આવાસોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ જે રીતે આવાસોનો નિકાલ કરવામાં આવી રહયો છે તે મુજબ હજુ પણ નવા આવાસો તૈયાર કરાવાની અનિવાર્યતા પ્રબળ બની છે. ત્યારે તંત્ર દ્વારા આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી અગાઉ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યુ હતુ. જેના અંત નવા આવસો બાંધવા માટે સાઈટ નક્કી કરવા માટે સ્થળ પસંદગી કરવામાં આવનાર હતી. પરંતુ સર્વેના અંતે હજુ સુધી નવા આવાસો કયા સેકટરમાં બાંધવા તે માટે જગ્યા નિયત કરાઈ નથી. બીજીતરફ તંત્રના ચોપડે આવાસ માટે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે નવા આવાસો તૈયાર કરવાની કામગીરી સંદર્ભે સ્થળ પસંદગીમાં જ ૬ મહીના જેટલો લાંબો સમય વિતી ગયો છે જેના લીધે નવી ટાવર કોલોની બાંધવાનુ કામ પણ અટવાયુ છે. આવા સંજોગોમાં કર્મચારીઆને આવાસ ફાળવણીનો મુદ્દો મુંઝવણ રૂપ બન્યો છે. ત્યારે નવા આવાસોના નિર્માણ માટે ત્વરિત સાઈટ નક્કી કરવામાં આવે તેવી માંગ પણ પ્રબળ બની છે.

# સે-૬ પોસ્ટ ઓફિસમાંથી કરેલો મની ઓર્ડર હજુ મળ્યો નથી..!

**ભાઈએ સુરેન્દ્રનગર તેમજ બોટાદ બહેનોને મની ઓર્ડર કર્યા હતા, પોસ્ટ કર્મચારીઓ કહે છે ત્યાં જઈને તપાસ કરો..**

ગાંધીનગર, તા. ૩૧

ભારતીય પોસ્ટ ઓફિસને ડીજીટલ બનાવવા જઈ રહ્યા છે. ગ્રામીણ અને અર્ધ શહેરી વિસ્તારોમાં ડીજીટલ ચુકવણીની સેવાઓને પ્રોત્સાહન આપવા પોસ્ટ વિભાગ ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટસ બેંકનો શુભારંભ કરવા જઈ રહ્યું છે. ત્યારે પોસ્ટ ઓફિસના બેદરકારીના કિસ્સા સામે આવી રહ્યા છે. ગાંધીનગર શહેરની સેકટર-૬માં આવેલી પોસ્ટ ઓફિસથી ગત્ તા. ૨૦-૮-૧૮ ના રોજ બોટાદ અને સુરેન્દ્રનગર ખાતે રક્ષાબંધન નિમિતે મની ઓર્ડર કર્યા હતા. પરંતુ આજદિન સુધી બંન્નેમાંથી એકપણ સ્થળે મની ઓર્ડર મળ્યા નથી. ત્યારે પોસ્ટ ઓફિસે વારંવાર પુછવા જતા પોસ્ટ માસ્તર કહે છે અમે ગાંધીનગરથી રૂપીયા મોકલી આપ્યા છે તમે જે તે જગ્યાએ તપાસ કરો. ત્યારે સેકટર-૪ ખાતે રહેતા આ નાગરીક કંટાળી ગયા છે, અને જાયે તો જાયે કહા જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કેન્દ્ર સરકારની અધધ પગાર આપતી પોસ્ટ ઓફિસની નોકરીમાં કોઈ નાણાકીય જવાબદારી સ્વીકારવા તૈયાર નથી તે પણ વાત નવાઈ ઉપજાવે તેવી છે. ત્યારે રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે બહેનોને કરેલા મની ઓર્ડર ન મળતા સે-૬ ના કર્મચારીઓ પર શિક્ષાત્મક પગલા ભરાય તેવી માંગ કરી છે.

પોસ્ટ ઓફિસ ડીજીટલ બનાવી રહ્યા છે મોટાભાગની જાણકારી આંગળીના ટેરવે હોય તેવી સ્થિતિમાં દસ દિવસથી વધુના સમય થયો હોવા છતા મની ઓર્ડર મળ્યો નથી તે ઉપરાંત મની ઓર્ડર કરનાર ગ્રાહકને ત્યાં જઈને તપાસ કરો તે સહિતના કડવા વાકયો સાંભળવા મળે છે તે કેટલા અંશે વ્યાજબી છે. ત્યારે પોસ્ટ વિભાગ તરફથી યોગ્ય કાર્યવાહી થાય અને મની ઓર્ડર બહેનોને ઝડપી મળે તેની રાહ જોઈને ગાંધીનગરમાં ભાઈ બેઠા છે. ઉલ્લેખનીય છે કે પોસ્ટની કામગીરીને વેગવંતી બનાવવા કેટલાક ઉચ્ચ અધિકારીઓ રાત-દિવસ મહેનત કરી રહ્યા છે. ત્યારે પોસ્ટના આ પ્રકારના બનાવ અચરજ પમાડે છે.

# લોહાણા સમાજના પ્રભાવતિબેન કારીયાનુ અવસાન

લોહાણા યુવા સંગઠનના પુર્વ મંત્રી હર્ષદ કારીયા તેમજ શૈલેષભાઈ કરીયાના માતૃશ્રી પ્રભાવતીબેન રતિલાલ કારીયાનુ દુખદ અવસાન થયુ છે.સદગતનુ બેસણુ તા ૧ સપ્ટેમ્બરના રોજ શનિવારે સાંજે ૫ થી ૬ : ૩૦ કલાક દરમિયાન સે-૨૯ જલારામ મંદિર ખાતે રાખવામાં આવ્યુ છે.


